# <u>જાહેરનામું</u>

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/જ ૮૮ /૨૦૧૬**

**તા. ૬ /૦૮/૨૦૧૬**

હું, શિવાનંદ ઝા IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં આવેલ સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટનાં એરપોર્ટ ટી સર્કલ થી એરપોર્ટની અંદર સુધીનો **વિસ્તાર "નો-પાર્કિંગ ઝોન"** જાહેર કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

**<u>હુકમ</u> :-**

અમદાવાદ શહેરમાં આવેલ સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટનાં એરપોર્ટ ટી સર્કલ થી એરપોર્ટની અંદર સુધીના વિસ્તારમાં ટ્રાફીક સમસ્યા હળવી કરવા તેમજ તેનો કાયમી ઉકેલ લાવવા એરપોર્ટ ટી સર્કલ થી ડોમેસ્ટીક/ઇન્ટરનેશનલ એરપોર્ટના તમામ રસ્તા પર વાહન પાર્ક કરવા નહી તેમજ તે રુટ પર વાહનો ઉભા રહેવા કે પાર્કિંગ થવા દેવા જોઇએ નહી તે રીતનો પ્રતિબંધ લાદવો જરુરી છે. જેથી નીચે જણાવેલ સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટમાં આવેલ વિસ્તાર/રોડને **"નો-પાર્કિંગ ઝોન"** જાહેર કરવામાં આવે છે.

૧) એરપોર્ટ સર્કલથી ડોમેસ્ટીક ટર્મીનલ તરફ તેમજ

૨) ટર્મીનલ-૪ સરદાર પટેલ સ્ટેચ્યુથી ડોમેસ્ટીક ટર્મીનલ તથા ટર્મીનલ-૪, અને

૩) ડોમેસ્ટીક ટર્મીનલ / ડીપાર્ચર તેમજ એરાઇવલ

૪) ટર્મીનલ-૨ આંતરરાષ્ટ્રીય ટર્મીનલ ડીપાર્ચર અને એરાઇવલ, અને

૫) ગુજસેઇલ કોમ્પલેક્ષ તેમજ ડોમેસ્ટીક કાર્ગો, ટર્મીનલ નંબર ૩ તરફ જતા અને આવતા તમામ રસ્તાઓ નો-પાર્કિંગ ઝોન

૬) ડોમેસ્ટીક ટર્મીનલ તથા આંતરરાષ્ટ્રીય ટર્મીનલ તથા ટર્મીનલ-૦૩ તથા ૪ ના સીટી સાઇડ પેસેજમાં વધુમાં વધું ૩-મીનીટ માટે વાહન થોભાવી પેસેન્જરો/સામાન ને ચડાવી/ઉતારી શકાશે પરંતુ કોઇપણ સંજોગોમાં વાહન પાર્કિંગ કરી શકાશે નહી.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ,એમ્બ્યુલન્સસેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૦૭/૦૮/૨૦૧૬ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૦૬/૦૮/૨૦૧૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૦૬/૦૮/૨૦૧૬
અમદાવાદ શહેર

**(શિવાનંદ ઝા)**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**<u>નકલ સવિનય રવાના :</u>**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા